**કવિતાનો સાર**

આ પ્રાર્થનામાં સર્વકલ્યાણની ભાવના જોવા મળે છે. આ પ્રાર્થનાનો નાયક પોતાના કર્તવ્યોનું પાલન કરતા ગરીબોના દુઃખ દૂર કરે, પોતાની મર્યાદામાં રહે અને ખાસ દુર્ગુણોથી દૂર રહે છે.

# અભ્યાસ

## સ્વાધ્યાય

**મૌખિક**

કવિતા યાદ રાખવી.

1 - મારું હું તે આપ

**લિખિત**

૧. ૧. **કવિને પ્રભુ પાસેથી શું નથી જોઈતું ?**

કવિને પ્રભુ પાસથી ધન-વૈભવ નથી જોઈતા.

૨. **કવિ કેવું મનોબળ માંગે છે ?**

કવિ પ્રભુ પાસે એવું મનોબળ માંગે છે કે જેથી ઊંચા-નીચામાં ભેદ ન લાગે અને સૌ સમાન લાગે.

૩. **કવિ જીવનને કેવું બનાવવા માંગે છે ?**

કવિ જીવનને સફળ બનાવવા માંગે છે.

૪. **કવિ બધાને કેવી રીતે ચાહે છે ?**

કવિ બધાને સમાન રીતે ચાહે છે.

૨. **નીચેનો ભાવ દર્શાવતી પંક્તિઓ કવિતા માંથી શોધો.**

૧. **મારું શરીર મજબૂત બને.**

હરદમ ઉપયોગી થાઉં હું સૌને, કાયા વજ્ર સમાન .

૨. **હું ક્યારેય મનથી થાકું નહિ.**

કાયા થાકે, મન નવ થાકે, જીવ્યું સફળ મુજ થાય.

૩. **બધાને એક સમાન ગણું.**

ઊંચા નીચા ભેદ ન જાણું, સૌને ચાહું સમાન.

૪. **ગરીબોની મદદ કરું.**

ભલે ગરીબી વીર બનીને, હણું ગરીબની હાય.

૩) **નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવો.**

અ) મનોબળ – સ્વામી વિવેકાનંદનું મનોબળ અદ્ભુત હતું.

બ) કાયા – રાજાની કાયા કંચનવર્ણી હતી.

ક) વૈભવ – નગરશેઠ વૈભવમાં આળોટતા હતા.

ડ) ભેદ – ગાંધીજી માટે ઊંચા નીચાના ભેદ ન હતા.

## મૂલ્યવર્ધક પ્રશ્ન

આપણી આસપાસ ઘણાં ગરીબ, નિરાધાર, જરૂરતમંદ લોકો રહે છે, તમે એ લોકોની કઈ રીતે મદદ કરશો?
જવાબ: વિદ્યાર્થીઓ પાસે તેઓ ગરીબોને કઈ રીતે મદદ કરશે તે વિશે પાંચ વાક્યો લખાવો.

## ભાષાજ્ઞાન

### ૧. વિરોધી શબ્દો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગરીબી | × | અમીરી | સમાન | × | અસમાન |
| ઉપયોગી | × | બિનઉપયોગી | સફળ | × | નિષ્ફળ |

### ૨. સમાનાર્થી શબ્દો

| | | | | | |
|---|---|---|---|---|---|
| વીર | = | બહાદુર, પરાક્રમી, શૂરવીર | ગરીબ | = | નિર્ધન, રંક |
| કાયા | = | તન, શરીર | બળ | = | તાકાત, શક્તિ |
| પ્રભુ | = | ઈશ્વર, ભગવાન | ધન | = | દોલત, દ્રવ્ય |

### ૩. સંજ્ઞા

**નીચે આપેલા વાક્યોમાંથી સંજ્ઞા શોધીને તેનો પ્રકાર જણાવો.**

૧. કાગડી, કાબર (જાતિવાચક)

૨. શંકર, પાર્વતી, દીકરા (શંકર-પાર્વતી વ્યક્તિવાચક, દીકરા જાતિવાચક)

૩. બકરી – જાતિવાચક

૪. નદી, કાચબા – જાતિવાચક

૫. વાઘ, રીછ – જાતિવાચક

૬. મેઘા – વ્યક્તિવાચક

## સ્વાધ્યાય

પાઠ-૨ ભિક્ષાપાત્ર

### મૌખિક

૧. **પશુ-પક્ષી અને લોકો વ્યાકુળ કેમ હતા ?**

નગરમાં બે-ત્રણ વર્ષથી દુકાળ પડ્યો હતો. ઝાડ-પાન સુકાઈ ગયા હતા. જમીનમાં તિરાડો પડી ગઈ હતી. પાણીનું ટીપું પણ મળતું ન હતું. તેથી પશુ-પક્ષી અને લોકો વ્યાકુળ હતા.

૨. **નગરવાસીઓની સ્થિતિ જોઈને ભગવાન બુદ્ધે શું કર્યું ?**

ભગવાન બુદ્ધે પોતાના ભક્તોને નગરના ધનવાનોને બોલાવવા કહ્યું. જેથી તેઓ ગરીબ નગરજનોની મદદ કરી શકે.

૩. **દરેક જણાને અનાજ પહોંચાડવાનું કામ કરવાની જવાબદારી કોણે ઉપાડી ?**

દરેક જણાને અનાજ પહોંચાડવાની જવાબદારી ભગવાન બુદ્ધના પ્રિય શિષ્ય અનાથપિંડદની પુત્રી સુપ્રિયાએ ઉપાડી.

૪. **ભગવાન બુદ્ધે સુપ્રિયાને કેવા આશીર્વાદ આપ્યા ?**

ભગવાન બુદ્ધે સુપ્રિયાને તેનો નિશ્ચય પાર પડશે તેવા આશીર્વાદ આપ્યા.

### લેખિત

૧. **ભગવાન બુદ્ધે ધનવાન લોકોને કયો પ્રશ્ન પૂછ્યો ?**

ભગવાન બુદ્ધે ધનવાન લોકોને પૂછ્યું કે, "તમારામાંથી કોણ કોણ ભૂખ્યા લોકોને અનાજ આપવા તૈયાર છે ?"

૨. **રત્નાકર શેઠે બુદ્ધને શું જવાબ આપ્યો ?**

રત્નાકર શેઠે ભગવાન બુદ્ધને કહ્યું કે "આટલા બધા માણસોને અનાજ પહોંચાડવાની શક્તિ મારામાં નથી."

**૩. સુપ્રિયા કોણ હતી ? એણે ભગવાન બુદ્ધને શું કહ્યું ?**

સુપ્રિયા ભગવાન બુદ્ધના પ્રિય શિષ્ય અનાથપિંડદ ની પુત્રી હતી. તેણે ભગવાન બુદ્ધને કહ્યું કે – 'આ તુચ્છ સેવિકા આપની આજ્ઞાનું પાલન કરશે. દુકાળ પીડિતો માટે અનાજ પહોંચાડવાની જવાબદારી હું લઉં છું.'

**૪. સુપ્રિયાની વાત સાંભળી ધનવાન લોકોએ શું કહ્યું ?**

સુપ્રિયાની વાત સાંભળી ધનવાનોમાંથી કેટલાંક ગુસ્સે થયા, કેટલાંકને તે ગાંડી લાગી, કોઈકે મશ્કરી કરી વળી કોઈએ કહ્યું કે, "તારા ઘરમાં અનાજના ફાંફાં છે અને આટલી મોટી જવાબદારી લે છે. શું તારા ઘરમાં અનાજના ભંડાર ભરેલા છે."

**૨. સાચા ઉત્તર સામે ✓ નું નિશાન કરો.**

**૧. શેઠ ધર્મપાલને દુકાળ સિવાય બીજી શેની ચિંતા હતી ?**

☐ ભૂખ અને તરસથી વ્યાકુળ પક્ષીઓની ☐ છોકરાઓના ભણતરની

☑ રાજ્યને કર વેરો ચૂકવવાની ☐ દરેક માણસને અનાજ પહોંચાડવાની

**૨. પાઠમાં 'તથાગત' શબ્દ કોના માટે વપરાયો છે ?**

☐ સેનાપતિ જયસેન ☑ મહાત્મા બુદ્ધ ☐ ધર્મપાલ ☐ અનાથપિંડદ

**૩. અનાથપિંડદ કોણ હતો ?**

☑ સુપ્રિયાના પિતા ☐ નગરશેઠ ☐ સેનાપતિ ☐ રાજા

**મૂલ્યવર્ધક પ્રશ્ન**

શાળામાં મિત્રનું ટિફિન બોક્સ નીચે પડી ગયું છે તો હું મારા ટિફિન બોક્સમાંથી તેની સાથે ખાઈશ. આમ કરવાથી તે ભૂખ્યો નહિ રહે અને અમારી વચ્ચે મિત્રતા અને વિશ્વાસ વધશે.

## ભાષાજ્ઞાન

**૧. નીચે આપેલા શબ્દોના લિંગ બદલો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| યુવક | યુવતી | શેઠ | શેઠાણી | સ્ત્રી | પુરુષ |
| સેવક | સેવિકા | શિષ્ય | શિષ્યા | | |

**૨. સમાનાર્થી શબ્દો લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| શક્તિ | તાકાત | પૃથ્વી | ધરતી | ચરણ | પગ |
| શ્રીમંત | ધનવાન | પાંદડું | પર્ણ | પક્ષી | પંખી |
| ઘર | ગૃહ | | | | |

## વિશેષ પ્રશ્નો :

૩. નીચે આપેલા શબ્દોને યોગ્ય જગ્યાએ લખો.

મધુર ગીત, નિર્ધન સ્ત્રી, ધનવાન શેઠ, વિનમ્ર અવાજ, લીલું ખેતર, મોટું નગર.

૪. નીચે આપેલા શબ્દોના વચન બદલો.

| એકવચન | બહુવચન |
|---|---|
| સ્ત્રી | સ્ત્રીઓ |
| શહેર | શહેરો |
| પશુ | પશુઓ |
| વરસ | વરસો |
| સેનાપતિ | સેનાપતિઓ |
| ખેતર | ખેતરો |

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

## પાઠનો સાર

બ્રાહ્મણ પોતાની આજીવિકાના માધ્યમને વધારવા પ્રયત્નશીલ રહેતા,વધુ કમાવવા અર્થે ટૂંકો રસ્તો અપનાવીને જંગલમાંથી પસાર થવાનો માર્ગ પસંદ કરી આગળ વધે છે. જંગલમાં તેનો વાઘ સાથે મેળાપ થાય છે. વાઘ બ્રાહ્મણને ખજાનો બતાવવાની લાલચ આપે છે અને બ્રાહ્મણ મહારાજ તેની વાત પર ભરોસો કરી લે છે અને અંતે પસ્તાય છે. જંગલમાં શિયાળ બ્રાહ્મણનો જીવ બચાવે છે.આમ, આ પાઠમા લાલચ છોડીને સ્વપુરુષાર્થ તથા અજાણ્યાનો ભરોસો ના કરવાની સલાહ આપવામાં આવી છે.

## અભ્યાસ

### સ્વાધ્યાય

પાઠ-૩ વાઘનો ખજાનો.

**મૌખિક**

૧. **આ વાર્તામાં કયા-કયા પાત્રો છે ?**

આ વાર્તામાં બ્રાહ્મણ, તેની પત્ની માનવ પાત્રો છે અને વાઘ અને શિયાળ વગેરે પ્રાણી પાત્રો છે.

૨. **વાઘ ક્યાં ફસાયો હતો ?**

વાઘ એક પીંજરામાં ફસાયો હતો.

૩. **બ્રાહ્મણે વાઘની વાતને શું સમર્થન આપ્યું ?**

બ્રાહ્મણે વાઘના પીંજરાને ખોલવાનું સમર્થન આપ્યું હતું.

૪. **શું વાઘ પોતાની વાત પર વફાદાર રહ્યો ?**

ના.

**લિખિત**

**૧. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

૧. **બ્રાહ્મણ કયા ગામમાં રહેતો હતો ?**

બ્રાહ્મણ મગનપુર નામના ગામમાં રહેતો હતો.

૨. **બ્રાહ્મણ પોતાના પરિવારનું ભરણ-પોષણ કઈ રીતે કરતો હતો ?**

બ્રાહ્મણ પોતાના પરિવારનું ભરણપોષણ ભિક્ષા માંગીને કરતો હતો.

૩. **દરિદ્રતાથી કંટાળીને બ્રાહ્મણે છેવટે શો નિર્ણય કર્યો ?**

દરીદ્રતાથી કંટાળીને બ્રાહ્મણે બાજુના ગામમાં જઈને કામ કરવાનું નકકી કર્યુ.

૪. **શિયાળે કઈ રીતે બ્રાહ્મણને વાઘના શિકારમાંથી છોડાવ્યો ?**

શિયાળે બુધ્ધિપુર્વક વિચારધારા બ્રાહ્મણ આગળ રજુ કરીને વાઘના શિકારમાંથી બ્રાહ્મણને બચાવ્યો.

૨. **નીચેના પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

૧. લાલચને વશ થઈ બ્રાહ્મણે વાઘ ને શામાંથી બહાર કાઢ્યો ?

☑ પાંજરા ☐ જંગલ ☐ ઘર ☐ નદી

૨. વાઘ અને બ્રાહ્મણની વાત માં કોણ વચ્ચે પડ્યું ?

☐ બગલો ☑ શિયાળ ☐ સસલું ☐ કાગડા

૩. બ્રાહ્મણ પોતાનું ગુજરાન ચલાવવા શું કરતો હતો ?

☐ કપડાં સીવતો ☐ લાકડા કાપતો ☑ ભિક્ષા માંગતો ☐ પૂજાપો વેચતો

૪. શિયાળ કેવું દેખાય છે ?

☑ ચાલાક ☐ તોફાની ☐ શાંત ☐ આળસ

## ભાષાજ્ઞાન

૧. **સમાનાર્થી શબ્દો લખો.**

પાંદડું – પર્ણ, પાન

નસીબ – કિસ્મત

ગરીબ – દરીદ્ર

પંડિત – મહારાજ

મિલકત – ખજાનો

આક્રોશ – ક્રોધ, ગુસ્સો

૨. **વિરોધી શબ્દો લખો.**

છોડવું × પકડવું

આઝાદી × ગુલામી

દુર્ગુણ × સદગુણ

અસલી × નકલી

કુદવું × ચાલવું

આળસ × સ્ફુર્તિલું

૩. **જોડણી સુધારા**

બારહમણ – બ્રાહ્મણ

સીયાળ – શિયાળ

ખઝાનો – ખજાનો

ફશાયો – ફસાયો

વીશ્વાસ – વિશ્વાસ

ભુદેવ – ભૂદેવ

૪. લિંગ બદલો

વાઘ - વાઘણ

બ્રાહ્મણ – બ્રાહ્મણી

કૂતરો – કૂતરી

સિંહ - સિંહણ

દેવ – દેવી